# IBSA Foreign Ministers' Virtual Meeting

September 16, 2020

## IBSA વિદેશ મંત્રીઓની વર્ચ્યુઅલ મીટિંગ

સપ્ટેમ્બર 16, 2020

ભારત ગણરાજ્યનાં વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકરે 16 સપ્ટેમ્બર, 2020 નાં રોજ વિડીયો કોન્ફરન્સ મારફત IBSA નાં વિદેશ મંત્રીઓની પરંપરાગત બેઠકની અધ્યક્ષતા કરી હતી. દક્ષિણ આફ્રિકા ગણરાજ્યનાં આંતરરાષ્ટ્રિય સંબંધો અને સહકારનાં મંત્રી શ્રીમતિ ગ્રેસ નાલેદી મેન્ડિસા પાન્ડોર અને ફેડરેટિવ રિપબ્લિક બ્રાઝિલનાં રાષ્ટ્રિય સાર્વભૌમત્વ અને નાગરિકતા માટેનાં સચિવ (ઉપ-મંત્રી) એમ્બેસેડર ફાબિઓ માર્ઝાનોએ તેઓનાં સંબંધિત પ્રતિનિધિમંડળોની આગેવાની કરી હતી.

મંત્રીઓએ IBSA સહકાર વધારવા પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું. મંત્રીઓએ શાંતિ, સુરક્ષા, આતંકવાદનો સામનો કરવો, આબોહવાનો ફેરફાર, ટકાઉ વિકાસ, બહુપક્ષીય વ્યાપાર પ્રણાલી, નિઃશસ્ત્રીકરણ, અપ્રસાનાં મુદ્દાઓ અને દક્ષિણ-દક્ષિણ સહકાર સહિતનાં વૈશ્વિક અગત્યતા ધરાવતા વિવિધ મુદ્દાઓ પર પણ દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું. વધુમાં, મંત્રીઓએ કોવિડ-19 મહામારીની પરિસ્થિતિ પર તેઓનાં અનુભવો શેર કર્યા હતા અને ગરીબી અને ભૂખમરાને દૂર કરવા માટે IBSA ભંડોળ દ્વારા કરવામાં આવેલા કાર્યની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગ પર, તેઓએ વૈશ્વિક દક્ષિણનાં સામાન્ય પ્રયાસ તરીકે સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદનાં સુધારા પર IBSA સંયુક્ત મંત્રીઓનું સ્ટેટમેન્ટ ગ્રાહ્ય રાખી અને પ્રકાશિત કર્યું હતું. મંત્રીઓએ આંતરરાષ્ટ્રિય સમુદાય માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં ઝડપી અને વ્યાપક સુધારા માટેની દેખીતી પ્રગતિ હાંસલ કરવા માટે પ્રયાસો તીવ્ર કરવા અને કટિબદ્ધતા વધારવા માટેની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો અને પ્રતિનિધિત્વ ધરાવતી, સમાવેશક, ન્યાયસંગત, પ્રતિભાવક અને અસરકારક સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ હાંસલ કરવા માટે કાયમી અને બિન-કાયમી એમ બન્ને કેટેગરીઓમાં ઉદ્ભવી રહેલા અને વિકાસશીલ દેશોમાંથી પ્રતિનિધિત્વનો સમાવેશ કરવા દ્વારા સુરક્ષા પ્રતિનિધિત્વને બૃહદ બનાવવા તરફ પ્રતિબદ્ધતા તાજી કરી હતી. આ સંયુક્ત સ્ટેટમેન્ટ **https://www.mea.gov.in/bilateral-documents.htm?dtl/32989** પર જોઈ શકાય છે.

મંત્રીઓ વધુમાં બહુપક્ષીય બાબતોમાં IBSA સહકાર વધારવા અને આપણા ત્રણ દેશોમાં IBSA ઈવેન્ટ્સ યોજવા સંમત થયા હતા.

દક્ષિણ આફ્રિકા અને બ્રાઝિલે IBSA સહકારનો વેગ જાળવી રાખવામાં ભારતનાં પ્રયાસોની પ્રશંસા કરી હતી.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 16, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.